

સોનેરી સાંજ : ગાંધીનગર શહેર પર પ્રકૃત્તિના ચારે હાથ માથે છે. અદ્‌ભુત માહોલ અને અનોખા દશ્યો ગાંધીનગરની રોજિંદી પ્રક્રિયાના ભાગ બની ગયા છે. શનિવારની સોને મઢેલી સાંજનું અનોખું દશ્ય ભાવવિભોર કરે છે. સુરજની વિદાય અને ચંદ્રના ઉદયનો અદ્‌ભુત સમન્વય ગાંધીનગરના પાદરથી ઝીલાયેલી તસવીરમાં પ્રતિબિંબિત થાય છે.

# મનપાના નવા સીમાંકન અંગે ૧૩થી વધુ વાંધા-મુદ્દાઓ તંત્રને મળ્યા

## ૩જીએ જિલ્લા કલેક્ટર અને ૪થીએ રાજ્ય ચૂંટણી પંચ વાંધા-મુદ્દાઓ અંગે રજુઆતો સાંભળી નિર્ણય કરશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગર પાલિકાના નવા સીમાંકન અંગે આજ સુધીમાં તંત્રને ૧૩ થી વધુ વાંધા-મુદ્દાઓ મળ્યા છે. જે રાજકીય પક્ષો અને કાર્યકરો દ્વારા રજુ કરવામાં આવ્યા છે.

૧૯મી ફેબ્રુઆરીએ રાજ્યના ચૂંટણી પંચે ગાંધીનગર મનપાના નવા સીમાંકન અંગેના પ્રાથમિક આદેશો જારી કર્યા હતા. જે અંગે દસ દિવસમાં વાંધા-સૂચનો માંગવામાં આવ્યા હતા. આ વાંધા સૂચનોની રજુઆત કરવાની મુદત આજે પૂર્ણ થઈ રહી છે.

મળતી વિગતો મુજબ ૩જી માર્ચના રોજ જિલ્લા કલેક્ટર આ વાંધા-સૂચનો અંગેની રજુઆત સાંભળશે અને તેઓ તેમના અહેવાલ સાથે તે ચૂંટણી પંચને સોંપશે. રાજ્ય ચૂટંણી પંચ પણ ૪થીએ આ મુદ્દાઓ પરની રજુઆત સાંભળશે અને તે પછી સીમાંકન અંગેના આખરી આદેશો જારી કરશે.

ગાંધીનગર મહાનગરપાલિકાની આ ત્રીજી સામાન્ય ચૂંટણી છે અને ત્રણેય વખત નવા સીમાંકનથી સામાન્ય ચૂંટણીઓ યોજાઈ છે. રાજ્ય ચૂંટણી પંચે આ નવુ સીમાંકન ૨૦૧૧ની વસ્તી ગણતરીનો આધાર રાખી અને તેના પ્રાથમિક આદેશો જારી કર્યા છે.

મળતી વિગતો પ્રમાણે આ વખતે સીમાંકનને લઈ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, શહેર કોંગ્રેસ સમિતિ સહિત ઘણા બધાએ વાંધાઓ રજુ કર્યા છે.

ઝીકઝેકની સામાન્ય પ્રથા સીમાંકનમાં નહિ સચવાઈ હોવાની, રાષ્ટ્રીય ધોરી માર્ગ સીમાંકનમાં ઓળંગી શકાય નહિ

● અનુસંધાન પાના - ૭ પર

### રાજ્યમાં કોરોનાના રસીકરણનો બીજો તબક્કો આવતીકાલથી આરંભાશે

# રાજ્યમાં સરકારી હૉસ્પિટલમાં મફત, જ્યારે ખાનગી ૨૫૦ રૂપિયામાં કોરોના રસી

ગાંધીનગર, તા. ૨૭

દેશની સાથે સાથે ગુજરાતમાં પણ પહેલી માર્ચથી એટલે કે સોમવારથી ૬૦ વર્ષ કે તેથી મોટી ઉંમરના તેમજ ૪૫થી ૫૯ વર્ષના કો-મોર્બિડ કન્ડીશન ધરાવતા લોકોને કોરોના રસી આપવાની શરૂઆત થશે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જાહેરાત કરી છે કે, કોરોના વાયરસ સામે હેલ્થ વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર્સને રક્ષણ આપવા રસીકરણ અભિયાનની પૂર્ણાહુતિ સાથે જ હવે કેન્દ્ર સરકારના માર્ગદર્શન મુજબ રાજ્યમાં પહેલી માર્ચથી સામાન્ય નાગરિકો માટે પણ રસીકરણની પ્રક્રિયા શરું કરવાં આવશે. આ સાથે જ નાયબ મુખ્યમંત્રીએ ટ્વિટ કરીને જણાવ્યું છે કે કેન્દ્ર સરકાર દ્વારા સમાન્ય નાગરીકો માટે કોરોના વેકસીનની કિંમત નક્કી કરવામાં આવી છે જે અંતર્ગત ખાનગી હોસ્પિટલમાં કોરોના વેક્સિન લેવા માટે રુ. ૨૫૦ ચૂકવવા પડશે જ્યારે સરકારી હોસ્પિટલમાં આ વેક્સિન વિનામૂલ્યે આપવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રીએ આ સાથે સ્પષ્ટતા કરી છે કે આરોગ્ય વિભાગ દ્વારા માન્ય ખાનગી હોસ્પિટલોમાં કોરોના વેક્સિન આપવામાં આવશે. જેમાં રુ. ૧૫૦ વેક્સિનની કિંમત પેટે અને રુ. ૧૦૦ વહીવટી ચાર્જ સ્વરુપે એમ કુલ મળીને રુ. ૨૫૦ પ્રતિ ડોઝ લેવામાં આવશે.

ફ્રન્ટલાઈન વર્કર્સ અને આરોગ્યો કર્મચારીઓ બાદ હવે સામાન્ય નાગરિકોને કોરોનાની રસી આપવા માટેની તૈયારીઓ શરૂ થઈ છે. અમદાવાદમાં પહેલી માર્ચથી સામાન્ય નાગરિકોને કોરોનાની વેક્સિન આપવામાં આવશે. અમદાવાદ શહેરમાં અત્યાર સુધીમાં હેલ્થ વર્કર્સ, ફ્રંટ લાઈન વર્કર્સને હોસ્પિટલ પ્રશાસનમાં વેક્સિનેશન સેંટરમાં વેક્સિન આપવાની કામગીરી કરવામાં આવી હતી. પરંતુ હવે શહેરના અલગ અલગ સેંટર પર સામાન્ય નાગરિકોને કોરોનાની રસી આપવામાં આવશે.

પ્રથમ તબક્કામાં અંદાજે ૫૦ જેટલા સેંટરો પર વેક્સિનેશનની કામગીરી શરૂ કરવામાં આવશે. રાજ્ય સરકાર મહાનગર પાલિકાઓને સરક્યુલર મોકલ્યા બાદ કેટલા વ્યકિતઓને વેક્સિન આપવી તે અંગે નિર્ણય કરવામાં આવશે. અમદાવાદ મહાનગર પાલિકાની તૈયારીઓ અનુસાર જે ૫૦ વર્ષથી ઉપરના અને અન્ય બિમારી ધરાવતા નાગરિકોનો સર્વે હાથ ધરાયો હતો. તે તમામ નાગરિકોને વેક્સિન આપવાની કામગીરી શરૂ કરવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ૧ માર્ચે કેન્દ્ર સરકાર કોવિડ ૨.૦ વેબસાઈટ લોન્ટ કરશે, એના પર યોગ્ય ઉંમર ધરાવનાર વ્યક્તિએ રજિસ્ટ્રેશન કરાવાનું રહેશે. ઉપરાંત આરોગ્ય સેતુ મોબાઈલ એપ હોય તો એમા એક નંબર ઉપર ચાર વ્યક્તિનું રજિસ્ટ્રેશન થઈ શકશે. આ નોંધણી માટે આધાર્ડ કાર્ડ, પાન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાસપોર્ટ, ઈલેક્શન કાર્ડ સહિત ફોટા સાથેના સરકારના માન્ય ઓળખપત્રોની જરૂર રહેશે.

મીડિયા રિપોર્ટ મુજબ જે લોકો પાસે સ્માર્ટ ફોન ન હોય અથવા ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવામાં સમસ્યા થતી હોય તો એવા લોકોએ સરકાર દ્વારા નિયત સરકારી અને ખાનગી રસીકરણ કેન્દ્રો ખાતે દસ્તાવેજો સાથે જઈને ઓફલાઈન રજિસ્ટ્રેશન પણ કરાવી શકશે. ૪૫થી ૫૯ વર્ષની ઉંમરના કો-મોર્બિડ કન્ડીશન ધરાવતા નાગરિકો માટે ૨૦ પ્રકારની ગંભીર બીમારી કેન્દ્ર સરકારે નિયત કરી છે. જેમાં એક વર્ષમાં હાર્ટ એટેક આવ્યો હોય, હાર્ટની ગંભીર બીમારી, જન્મજાત બીમારી, કેથેટર, સ્ટેન્ટ મૂકાયા હોય, કિડની અને લિવરની ગંભીર બીમારી, ડાયાબિટીસ, હાઈપરટેંશન અને એન્ઝાયટી એમ ત્રણ ભેગી બીમારી, કેન્સર, એચઆઈવી, સિકલસેલ, થેલેસેમિયા મેજરનો સમાવેશ થાય છે. જે લોકોને આ બીમારીની સારવાર ચાલતી હોય તેમણે રજિસ્ટ્ર્ડ મેડિકલ પ્રેક્ટિશનરનું સર્ટિફિકેટ પણ જોડીને રસીકરણ માટે રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

# જિલ્લામાં કોરોનાના નવા ૯ કેસ : ૯ ને ડિસ્ચાર્જ

## કુડાસણમાં ૩ કેસ સહિત ગાંધીનગર તાલુકામાં ૪ કેસ નોંધાયા : સે. ૩માં બે કેસ ઉપરાંત સે. ૨, ૮ અને ૨૭માંથી કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં ૪ દિવસ પછી કોરોનાના કેસો ૧૦ થી ઓછા નોંધાયા છે. જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યામાં ચાલી રહેલ વધ-ઘટને લઈ તંત્રની ચિંતા વધી છે. આજે શહેરમાં પાંચ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં ૪ કેસ નોંધાયા છે.

ગાંધીનગર જિલ્લામાં માત્ર ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી જ કેસો મળી રહ્યા છે તેને લઈ પણ તંત્રની ચિંતા વધી છે. અન્ય તાલુકાઓમાં કોરોનાના ટેસ્ટીંગમાં પણ ઘટાડો થયો છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૪ કેસમાં ૧ મહિલા દર્દીનો સમાવેશ થાય છે. એક દર્દીને સઘન સારવાર જરૂરી જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

તાલુકાના કુડાસણ ગામેથી આજે ૩ કેસ મળી આવેલ છે. જે ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ઉવારસદ ગામેથી ૫૪ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લામાં આજે વધુ ૩ દર્દીઓ રિકવર થતાં તેમનો ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૧૦૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૫૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે પાંચ નવા કેસ કોરોનાના મળી આવ્યા છે. આજે નોંધાયેલા કેસમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે. એક દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં એક એકાઉન્ટન્ટ અને એક સાયંટીસ્ટનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૨, ૮, ૨૭ માં એક-એક કેસ મળવા ઉપરાંત સે. ૩ માંથી બે કેસ મળી આવેલ છે. શહેરમાં આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમનો ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

# મતદાન માટે પોલિંગ પાર્ટીઓ મતદાન મથકે પહોંચી ગઈ

## જિલ્લા કલેક્ટરે ડિસ્પેચીંગ-રિસીવીંગની વ્યવસ્થા સહિત કાઉન્ટીંગ હોલ જે ઉભા કરાયા છે તેની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૭

સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે યોજાનાર મતદાન માટે પોલિંગ પાર્ટીઓ આજે સવારે રવાના કરવામાં આવી હતી અને આ પોલિંગ પાર્ટીઓ



જે તે મતદાન મથક પર પહોંચી પણ ગઈ છે.

આજે જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ ૬ જેટલા સ્થાનોએ પોલિંગ પાર્ટીઓ રવાના કરવામાં આવી હતી. આ પોલિંગ પાર્ટીઓનો કોરોનાની મહામારી વચ્ચે મતદાન યોજાઈ રહ્યુ હોવાથી સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા ઉપરાંત દરેક મતદારનું સ્ક્રીનીંગ કરવાની પણ સૂચનાઓ આપવામાં આવી છે.



જિલ્લા કલેક્ટર કુલદીપ આર્યએ આજે માણસા સહિત વિવિધ ડિસ્પેચીંગ સેન્ટરોની ઉડતી મુલાકાત લઈ સ્ટ્રોંગરૂમ તેમજ કાઉન્ટીંગ હોલ જે ઉભા કરવામાં આવ્યા છે તેની મુલાકાત લીધી હતી. તેમણે કાઉન્ટીંગ હોલને લઈ કેટલીક સૂચનાઓ પણ તંત્રના અધિકારીઓને આપી હતી.

મળતી વિગતો પ્રમાણે જ્યારે કલોલ દહેગામ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ અને માણસા ન.પા.ની પેટા ચૂંટણી માટે ૧ લાખ ૩૭ હજાર મતદારો નોંધાયેલા છે.

જિલ્લામાં પોલિંગ ડિસ્પેચીંગ સેન્ટરો પર આજે પોલિંગ પાર્ટીમાં સમાવિષ્ટ કર્મયોગીઓનું થર્મલ સ્કીનીંગ કરવામાં આવ્યુ હતુ તેમજ ટેસ્ટીંગ માટેની પણ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. જો કે કોઈ કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો ન હતો.

જિલ્લામાં આજે યોજાનાર મતદાનમાં જિલ્લા તાલુકા પંચાયત માટે સાત લાખ ૧૫ હજાર નોંધાયેલા મતદારો છે પાર્ટીઓ મતદાન મથક પર પહોંચ્યા પછી સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકોની ચૂંટણી અધિકારીઓએ પોલીસ અધિકારીઓને સાથે રાખી મુલાકાત પણ લીધી હતી અને ડિપ્લોય કરાયેલા બંદોબસ્તની સમીક્ષા પણ કરી હતી.

જિલ્લા અને તાલુકાકક્ષાએ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ ખાસ કંટ્રોલ રૂમ પણ આજથી શરૂ કરી દેવામાં આવ્યા છે. જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ કોઈ આચારસંહિતા ભંગની ફરિયાદ તંત્રને મળી નથી.

## મતદાન કરવા રાજકીય નેતાઓની અપીલ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં મતદાન ઉત્સાહપૂર્વક કરવા મતદારોને કોંગ્રેસ-ભાજપના નેતાઓએ અપીલ કરી છે.

ભાજપના જિલ્લા ઈન્ચાર્જ હર્ષદભાઈ પટેલ, બળવંતસિંહ રાજપૂત, જિલ્લા ભાજપના પ્રમુખ નૈલેષભાઈ શાહ, મહામંત્રી આઈ.બી. વાઘેલાએ મતદારોને અપીલ કરતાં જણાવ્યુ છે કે લોકશાહી પ્રક્રિયાને મજબુત બનાવતુ સૌથી મોટુ પર્વ એ ચૂંટણી છે. જેમાં લોક તાંત્રિક સંસ્થાઓને મજબુત બનાવવા પ્રત્યેક નાગરિકે રાષ્ટ્રહિતમાં અચુક મતદાન કરવુ જોઈએ.

મતદાનના દિવસની પૂર્વ સંધ્યાએ દરેક મતદારોને અચૂક અને અવશ્ય મતદાન કરવા અપીલ કરતાં આ આગેવાનોએ કહ્યુ છે કે દરેક મતનું આગવુ મૂલ્ય છે. મતદારોની સક્રિયતાથી જ લોકશાહી મજબુત બને છે.

કોંગ્રેસના પ્રદેશ મહામંત્રી નીશીત વ્યાસ, ધારાસભ્યો બળદેવજી ઠાકોર, સુરેશભાઈ પટેલ, ડૉ. સી.જે. ચાવડા, પ્રદેશ અગ્રણી ડૉ. હિમાંશુ પટેલ, પૂર્વ ધારાસભ્ય કામિની બા રાઠોડ, પૂર્વ પંચાયત પ્રમુખ મંગુબેન પટેલે મતદારોને અપીલ કરતાં જણાવ્યું છે કે લોકશાહીની સફળતાનો આધાર મતાધિકારના વિવેકપૂર્ણ ઉપયોગ પર અવલંબે છે.

# ફાયર એનઓસી વિના ધમધમતી શહેરની ૮ હૉસ્પિટલ આંશિક સીલ

## સેકટર-૨૨ ખાતે યશદીપ, આરોગ્યમ, શાશ્વત અને નેહા નર્સિંગમાં ફાયર તંત્ર દ્વારા સીલીંગ કાર્યવાહી કરાઈ

ગાંધીનગર, તા.૨૭

હાઈકોર્ટની ટકોર બાદ ગાંધીનગર ફાયર વિભાગ દોડતુ થઈ ગયું છે. શુક્રવારના રોજ સેકટર-૭ ખાતે ૪ હોસ્પિટલને આંશિક સીલીંગની કાર્યવાહી હાથ ધરાઈ છે. ત્યારબાદ શનિવારના રોજ પણ ફાયર વિભાગે સેકટર-૨૨ માં આવેલી ૪ હોસ્પિટલને આંશિક સીલ મારવામાં આવ્યા છે. જેમાં નેહા નર્સિંગ હોમ સેન્ટર, યશદીપ હાર્ટ એન્ડ મેડીકલ હોસ્પિટલ, આરોગ્યમ હોસ્પિટલ અને શાશ્વત આર્થોકેર હોસ્પિટલનો સમાવેશ થાય છે. શહેરની હોસ્પિટલો સામે સીલીંગની કાર્યવાહીને પગલે ડોકટરલોબીમાં દોડધામ મચી જવા પામી છે.

ગાંધીનગર શહેરમાં ફાયર એનઓસી વિના કાર્યરત એકમો સામે ફાયર તંત્ર દ્વારા સીલીંગની કાર્યવાહી શરુ કરી છે. જેને પગલે શહેરમાં હોહા મચી જવા પામી છે. તાજેતરમાં જ સરગાસણ અને કુડાસણ ખાતે આવેલા ૨ મોલ અને એટ્રીયા બિઝનેશ હબમાં ૩૬ એકમોને સીલ મારવામાં આવ્યા હતા. ત્યારબાદ ગાંધીનગરમાં ૨૮ હોસ્પિટલ-સ્કુલ પાસે એનઓસી આવી છે. જેમાં નેહા નર્સિંગ હોમ, યશદિપ હાર્ટ હોસ્પિટલ, હોસ્પિટલ સામે કાર્યવાહી કરવામાં આવતા દોડધામ મચી ગઈ છે.





નથી. જેથી ફાયર વિભાગે આંશિક સીલીંગની કાર્યવાહી હાથ ધરી છે. શુક્રવારના રોજ સેકટર-૭ ખાતે ૪ હોસ્પિટલને સીલીંગની કાર્યવાહી હાથ ધરાઈ હતી. ત્યારબાદ આજે સેકટર-૨૨ ખાતે પણ ૪ હોસ્પિટલ સામે કાર્યવાહી કરવામા આરોગ્યમ હોસ્પિટલ અને શાશ્વત હોસ્પિટલનો સમાવેશ છે. જે રૂમમાં દર્દી એડમીટ હોય તે રૂમને બાદ કરતા તમામ રૂમને સીલ મારી દેવાયા છે. ફાયર વિભાગના ચીફ ફાયર ઓફિસર મહેશ મોડ દ્વારા એનઓસી વિના ધમધમતી ત્યારે હોસ્પિટલ સામે સીલીંગની કાર્યવાહી કરતા ફાયર એનઓસી વિના ચાલતા એકમો ફાયર એનઓસી લેવા માટે પ્રક્રિયા શરુ કરી દીધી છે. ત્યારે આગામી સમયમાં પણ હોસ્પિટલો સામે સીલીંગની કાર્યવાહી યથાવત રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com